ગાંધીનગર સમાચાર

વાઇબ્રન્ટ સમિટમાં બ્યુટિફીકેશનની કામગીરી પાછળ ૧.૫૦ કરોડ ખર્ચાશે



ઉપધાન તપ સમાપન - સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે યોજાયેલ ૪૭ દિવસીય ઉપધાન તપના સમાપન પર્વે સોમવારે ૧૨૫ સાધકોને માળા અર્પણ કરાઈ હતી... જૈનાચાર્ય નરરત્નસૂરિશ્વરજી મહારાજ સાહેબે તપના સમાપને સૌ ભાવકોને આશીર્વચન પાઠવ્યા હતા... સંયમિત જીવનના રાજમાર્ગો મહારાજ સાહેબે દર્શાવ્યા હતા...

# કેશલેસ વ્યવ્હારને પ્રોત્સાહિત કરવા મનપાની બેંકો સાથે બેઠક યોજાઇ

## બીજા તબક્કામાં બેંકો અને વેપારીઓ વચ્ચે પણ બેઠક યોજાશે

ગાંધીનગર તા ૨૮

સમગ્ર દેશ કેશલેશ વ્યવ્હાર તરફ આગળ વધે તેવી નિતીને વેગ આપવાના પ્રયાસ થઇ રહયા છે. ત્યારે બેંકો અને વેપારીઓ વચ્ચે પણ આ મામલે સંકલન મજબુત બને તે માટે પુર્વઆયોજનની દિશામાં ગિતવિધિઓ અમલી બનાવાઇ છે. ગાંધીનગરમાં પણ આ અન્વયે કોર્પોરેશને પણ મધ્યસ્થી બની કેશલેશ વ્યવ્હાર તેજ બને તેવી મથામણ શરૂ કરી દિધી છે. આજે કોર્પોરેશને ૫ બેંકો સાથે બેઠક કરી હતી. જેમાં મહત્તમ વેપારીઓ સ્વાઇપ મશીન,ઓનલાઇન સુવિધા,ડેબીટ અને ક્રેડીટ કાર્ડની સેવાનો લાભ લે તેવુ આયોજન કરવા ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

જુની ચલણી નોટો બંધ થયા બાદ બજારમાં છુટા પૈસાની પણોંજણ હજુ પણ કાને અથડાય છે. જયારે બેંકો બહાર હજુ પણ ક્યાંક ક્યાંક કતાર જોવા મળે છે. રૂ ૫૦૦ અને હજારની જુની ચલણી નોટો પર પ્રતિબંધ આવ્યા બાદ હવે કેશલેશ વ્યવ્હાર તરફ આર્થિક લેતી દેતી પ્રબળ બનશે. ત્યારે સ્થાનિક કક્ષાએ આ દિશામાં વેપારીઓ તેમજ આમ નાગરિકો ટેવાય તેવા પ્રયાસો શરૂ કરી દેવાયા છે. ગાંધીનગર મહાનગરપાલિકા પણ આ મામલે મિડીયેટરની ભુમિકા અદા કરશે. જેના ભાગરૂપે આજે કોર્પોરેશન દ્વારા વેપારીઓ અને બેંકો વચ્ચે તાદાત્મય કેળવાય તેવા આશયથી એક બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ તેમજ બેંકોના અફસરો વચ્ચે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં શહેરની વિવિધ ૫ જેટલી બેંકોએ ભાગ લીધો હતો. જયારે બીજા તબક્કામાં વેપારીઓ અને બેંકો વચ્ચે પણ બેઠક યોજવામાં આવશે. જેમાં નેટ બેકીંગ તેમજ અન્ય કેશલેશ વ્યવ્હારો થકી આર્થિક વ્યવ્હાર થાય તે દિશામાં યોગ્ય પગલા લેવા માટે વેપારીઓને પ્રોત્સાહીત કરવામાં આવશે.

# જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની ૨૭ ડિસેમ્બરે ચૂંટણી

## ચુંટણી હેઠળના વિસ્તારમાં આચારસંહીતાનો અમલ : ૫ ડિસેમ્બરે જાહેરનામુ પ્રસિધ્ધ કરાશે ૧૪ મી એ ઉમેદવારોનુ ચિત્ર સ્પષ્ટ થશે : ૨૯ ડિસેમ્બરે મતગણતરીની પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૮

રાજયની ૧૦૩૧૮ ગ્રામ પંચાયતોની ચુંટણી આગામી તા ૨૭ ડિસેમ્બરના રોજ યોજવામાં આવશે. રાજય ચુંટણી આયોગે આ અન્વયે આજે ચુંટણીની જાહેરાત કરી દિધી છે. ગાંધીનગર જિલ્લાની પણ ૧૯૪ ગ્રામ પંચાયતોની આ દિવસે ચુંટણી યોજાશે ચુંટણીના અંતે આગામી તા ૨૯ ડિસેમ્બરના રોજ મતગણતરી કરવામાં આવશે. ગ્રામ પંચાયતોની ચુંટણીની જાહેરાત થયા બાદ ચુંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતનો અમલ કરી દેવાયો છે.

રાજય ચુંટણી આયોગ દ્વારા રાજયની ગ્રામ પંચાયતોની ચુંટણી યોજવાની જાહેરાત કરી દેવાઇ છે. જેમાં રાજયની ૧૦૩૧૮ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી ,મધ્યસત્ર અને પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની પેટા ચુંટણી યોજવાની જાહેરાત કરી દેવાઇ છે. આ ચુંટણી અન્વયે આગામી તા ૫ ડિસેમ્બરના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરાશે જયારે તા ૧૦ ડિસેમ્બર ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લી તારીખ રહેશે . તા ૧૨ ડિસેમ્બર સુધીમાં ઉમેદવારી પત્રો ચકાસણી કરાશે જયારે તા ૧૪ ડિસેમ્બર ઉમેદવારી પત્રો પરત ખેંચવાની તારીખ નિયત કરવામાં આવી છે. ચુંટણી અન્વેય તા ૨૭ ડિસેમ્બરના રોજ સવારે ૮ થી સાંજે

● અનુસંધાન પાન-૭ પર

### કયા તાલુકામાં-કેટલા ગામમાં ચૂંટણી

| તાલુકો | ગ્રામ પંચાયતની સંખ્યા | સરપંચની બેઠકોની સંખ્યા | વૉર્ડના સભ્યોની સંખ્યા | કુલ મતદારો |
|---|---|---|---|---|
| દહેગામ | ૮૪ | ૮૪ | ૭૩૪ | ૨૩૩૪૦૫ |
| ગાંધીનગર | ૭૧ | ૭૧ | ૭૦૮ | ૧૪૦૪૬૦ |
| માણસા | ૨૫ | ૨૫ | ૨૧૪ | ૪૩૬૩૮ |
| કલોલ | ૧૪ | ૧૪ | ૧૨૪ | ૩૦૫૩૨ |
| કુલ | ૧૯૪ | ૧૯૪ | ૧૭૮૦ | ૪૪૮૦૩૫ |

# બાલોદ્યાનના આધુનિકરણ માટે ૯ કરોડ ખર્ચાશે

## કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા : નગર સેવકો પોતાના વિસ્તારમાં સફાઇ કામ માટે રૂ ૧ લાખનો ખર્ચ કરી બીલ મુકી શકશે : સીટી બસ સેવા માટે નવેસરથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે : શહેરી વિસ્તારના ગામોમાં ધોબીઘાટ બનશે

ગાંધીનગર તા ૨૮

એક જમાનામાં શહેરની આગવી ઓળખ ગણાંતા બાલોદ્યાનને મરણપથારીએથી બેઠો કરવા માટે કોર્પોરેશન દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. બાલોદ્યાનમાં આવતા સહેલાણીઓની સંખ્યા વિશેષ છે. ત્યારે ઉદ્યાનની સિકલ બદલવા માટે કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં રૂ ૯ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે.જે અન્વયે બાલોદ્યાનમાં લેન્ડ સ્કેપીંગ, તળાવ, લોન સહીતના અન્ય સિવિલ કામો હાથ ધરાશે. કોર્પોરેશનના આ નિર્ણયથી બાલોદ્યાનની રોનક પાછી આવશે તેમ પણ મનાઇ રહયુ છે. વધુમાં સફાઇના મામલે નગરસેવકોને પોતાના વિસ્તારમાં રૂ ૧ લાખ વાપરવા સુધીની છુટ આપવામાં આવી છે.

મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક આજે મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર





આડેધડ પાર્કિંગ સામે લાલ આંખ - સેક્ટર-૧૬ના બેંક વિસ્તારમાં પાર્કિંગનો પ્રશ્ન દિન-પ્રતિદિન વિકરાળ થતો જાય છે... સોમવારે દિવસ દરમિયાન આડેધડ પાર્કિંગ સામે પોલીસે કડક કાર્યવાહી આરંભી હતી....કેટલીક કાર સીલ કરાઈ હતી જ્યારે કેટલાક ટુ-વ્હીલરને ટોઈંગ કરીને હટાવાયા હતા... છેલ્લા કેટલાક સમયથી શહેરના હાર્દસમા ઘ-૪, ૧૭/૨૨ અને સેક્ટર-૧૧ વાણિજ્ય સંકુલમાં પાર્કિંગનો પ્રશ્ન બેહદ રીતે વિસ્તરી રહ્યો છે... પોલીસદળ પહોંચી નથી શકતું એ વાત તો સાચી જ છે પરંતુ નાગરિકો પણ સ્વયંશિસ્ત રીતે વાહનો યોગ્ય રીતે પાર્કિંગ ન કરતાં પ્રશ્નો ઉદ્દભવે છે...

# શહેરમાં ઠંડીમાં સામાન્ય વધારો : પારો ૧૨.૨ ડિગ્રી

ગાંધીનગર, તા.૨૮

ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિ.સે. નોંધાયા બાદ આજે તેમાં એકાદ ડિગ્રી જેટલો ઘટાડો થતાં લઘુત્તમ તાપમાન ૧૨.૨ ડિ.સે. સુધી ગગડી ગયું હતું. વસાહતીઓએ આકરી ઠંડીનો અનુભવ કર્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી અસરકારક ઠંડી પડી રહી છે. વસાહતીઓ સાંજ પડતાં જ ઘરમાં પુરાઈ જાય છે. ઠંડીની અસર જનજીવન પર જોવા મળી રહી છે. ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિસે નોંધાયું હતું. જેમાં આજે એકાદ ડિગ્રી જેટલો ઘટાડો થતાં લઘુત્તમ તાપમાન ૧૨.૨ ડિ.સે. પહોંચ્યું હતું.જો કે મહત્તમ તાપમાન ૩૪.૦ ડિ.સે. નોંધાતા દિવસ હુંફાળો રહે છે. અમદાવાદ શહેરની સાથે ગુજરાતભરમાં લઘુત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪.૨ ડિગ્રી નોંધાયું હતું. આવી જ રીતે રાજ્યમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ નલિયામાં થયો હતો જ્યાં લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિગ્રી થઈ ગયું હતું. જુદા જુદા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. અમદાવાદ શહેરમાં હજુ લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં હજુ ઠંડીનું પ્રમાણ ઓછું છે પરંતુ આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધે તેવા એંધાણ પણ છે જેથી લોકોને હાલમાં સાવધાન રહેવાની જરૂર છે. આ સિઝન બિમારી ફેલાવવા માટે મુખ્ય ભૂમિકા ભજવે છે. અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં હાલમાં ફરી એકવાર બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે.

# વાઈબ્રન્ટ સમિટમાં બ્યુટિફીકેશનની કામગીરી પાછળ ૧.૫૦ કરોડ ખર્ચાશે

## સાઇન બાર્ડ નવા મુકવામાં નહીં આવે : જરૂર મુજબ જ રોડ ફર્નિચરનુ કામ હાથ ધરાશે : ગત વાઇબ્રન્ટ સમિટ દરમિયાન રસ્તાના બ્યુટીફિકેશન પાછળ તોતિંગ ખર્ચ થયો હતો

ગાંધીનગર તા ૨૮

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ને અનુલક્ષી તંત્ર તૈયારીમાં લાગી ગયુ છે. જો કે ગત વાઈબ્રન્ટની સાપેક્ષમાં આ વખતે માર્ગોના તેમજ બ્યુટીફિકેશનના કામો જરૂર મુજબના જ હાથ ધરાશે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રોડ ફર્નિચર સહીત બ્યુટીફિકેશન પાછળ રૂ ૫ કરોડનો ખર્ચ થયો હતો. શહેરમાં સાઈન બોર્ડ પણ નવા મુકવાની પણ અનિવાર્યતા ન હોવાથી ઉચ્ચ કક્ષાએથી બિનજરૂરી કામો ટાળવામાં આવ્યા છે. જયારે બ્યુટીફિકેશનના કામોમાં પણ કટોતી કરી દેવાઇ છે.

શહેરમાં માર્ગો પર કેટઆઇ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા અને ફુટપાથ અને સેન્ટ્રલ વર્જને કલર કરવા માટે રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ થશે.

આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ને અનુલક્ષીને તંત્ર દ્વારા પુર્વતૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના આંગણે આવતા હોવાથી સમગ્ર તંત્ર સ્ટેન્ડ ટુ હોય છે. જયારે શહેરને પણ વાઈબ્રન્ટ લુક આપવા માટે મહીનાઓ અગાઉથી તંત્ર કામે લાગી જાય છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ બ્યુટીફિકેશન પાછળ રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રસ્તાના રીસરફેસીંગ કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં કોબા હાંસોલ માર્ગનુ પણ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે ખ માર્ગને પણ સિકસલેન બનાવાની કામગીરી પુર્ણતાના આરે છે. ખ માર્ગને વાઈબ્રન્ટ લુક આપવા માટે પણ કામ હાથ ધરાશે જયારે આ વખતે વાઈબ્રન્ટ દરમિયાન સજાવટ પાછળ ખર્ચ ઘટાડી દેવાયો છે. અલબત્ત જરૂર મુજબ જ બ્યુટીફિકેશનના કામો હાથ ધરાશે. જેમાં મુખ્ય માર્ગો તેમજ અન્ય જરૂરી રૂટોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. રોડ ફર્નિચરની કામગીરી અન્વયે કેટ આઇ , થર્મોપ્લાસ્ટના પટ્ટા સેન્ટ્રલ વર્જ તેમજ ફુટપાથને કલર સહીતના કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સાઈન બોર્ડ મુકવા માટે પણ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો. જેથી આ વખતે એક પણ સાઈન બોર્ડ નવુ મુકવાની આવશ્યકતા ન હોવાથી સાઈનબોર્ડની કામગીરી સદંતર પડતી મુકવામાં આવી હોવાનુ પણ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

જોઈએ છે
કેન્સર જાગૃતિનું કામ કરતી 'આયુષ' સંસ્થા માટે આકર્ષક પગારથી સેવાભાવી વ્યક્તિઓ....
: લાયકાત :
૧. B.S.W. / M.S.W. ગ્રેજ્યુએટ ● ૨. કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન
૩. ફોર વ્હીલર લાયસન્સ ● ૪. ઉંમર ૧૮ વર્ષથી વધારે
દિન-૧૦માં નીચે જણાવેલ સરનામે અરજી મોકલવી.
પશુપતિ ઈન્ડસ્ટ્રીઝ
નંદાસણ, રોડ, કડી, તા. કલડી, જિ. મહેસાણા. પીન - ૩૮૨૭૧૫
નોંધ : ઈમેલ : info@hwf-india.in ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com